# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-09-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1.. રાજ્યના પૂરગ્રસ્ત વિસ્તારોમાં નુકશાનીના સર્વે માટે કેન્દ્રની ટીમ ગુજરાતની મુલાકાતે – તો રાજ્ય સરકારે વડોદરાના અસરગ્રસ્ત વિસ્તારોના વેપારીઓ માટે રાહત પેકેજની જાહેરાત કરી

2.. કચ્છના લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ તાવને કારણે મૃત્યુઆંક વધીને 17 થયો

3.. રાજ્યના પરિવહનમંત્રી હર્ષ સંઘવીએ નવી 20 અત્યાધુનિક વૉલ્વો બસોની સેવાનો પ્રારંભ કરાવ્યો

4.. પાલનપુરમાં ત્રિમાર્ગી રોટરી રેલવે ઓવર બ્રીજનું વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીના હસ્તે લોકાર્પણ

5.. અને યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળાના પ્રથમ દિવસે માઇભક્તોનો ધસારો

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## JAYANTI RAVI FLOOD SURVEY

રાજ્યમાં ભારે વરસાદને કારણે થયેલા નુકસાન સંદર્ભે નવી દિલ્હીથી વિશેષ સર્વે ટીમ ચાર દિવસની ગુજરાતની મુલાકાતે છે. મુખ્ય સચિવ શ્રી જયંતિ રવિના અધ્યક્ષ સ્થાને સ્ટેટ ઇમરજન્સી ઑપરેશન સેન્ટર ખાતે વિવિધ વિભાગોના અધિકારીઓની સમીક્ષા બેઠક મળી હતી. છ સભ્યોની આ ટુકડી રાજ્યના અસરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાતે છે, જેમાંથી એક ટુકડી વડોદરા જ્યારે કે અન્ય એક સુરેન્દ્ર નગરના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પહોંચી છે.

-----

## VADODARA FLOOD PACKAGE

રાજ્યમાં પડેલા ભારે વરસાદને પગલે વડોદરાના પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં નાના, લઘુ અને મધ્મય વર્ગના વેપારીઓ માટે રાજ્ય સરકારે રાહત અને બચાવ પેકેજની જાહેરાત કરી છે. આ વિશે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, વડોદરામાં વેપાર વાણિજ્ય સાથે સંકળાયેલા લોકોનું ઝડપી પુનર્વસન કરાવવું એ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે.

પેકેજ અંતર્ગત લારી રેડકી ધારકને રૂપિયા પાંચ હજાર, 40 ચોરસ ફૂટ સુધીની નાના સ્થાયી કેબિન ધારકને ઉચ્ચક 20 હજારની, 40 ચોરસ ફૂટથી મોટી કેબિન ધારકને 40 હજારની તેમજ મધ્યમ કક્ષાની પાકી દુકાન ધરાવતા વેપારીઓને ઉચ્ચક 85 હજારની રોકડ સહાય ચૂકવવામાં આવશે. પાંચ લાખ રૂપિયાથી વધુ ટર્નઓવર ધરાવતી મોટા દુકાન ધારકને 20 લાખ રૂપિયા સુધીની લોન મળવા પાત્ર રહેશે. સહાય મેળવવા ૩૧ ઓક્ટોબર સુધી સંબંધિત

મ્યુનિસિપલ કમિશનર, મામલતદાર અથવા નગરપાલિકાના મુખ્ય અધિકારીને અરજી કરવાની રહેશે.

-----

## KUTCH FEVER DEATH

કચ્છના લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ તાવને કારણે મૃત્યુઆંક વધીને 17 થયો છે. આ પૈકી 4 થી 5 ના મોત અન્ય કારણોસર કે હાર્ટને કારણે થયા હોવાનું રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

### (BYTE - ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી )

કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે આજે પ્રભારી સચિવ તેમજ આરોગ્ય કમિશ્નર હર્ષદ પટેલે જિલ્લા કલેક્ટ અમિત અરોરા સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

-----

## NEW ST VOLVO BUS SERVICE

રાજ્યના પરિવહનમંત્રી હર્ષ સંઘવીએ નવી 20 વૉલ્વો બસોની સેવાનો પ્રારંભ કરાવ્યો છે. શ્રી સંઘવીએ ગાંધીનગર એસ ટી ડેપોથી 20 નવી વૉલ્વો બસોને લીલી ઝંડી આપી હતી. આ પ્રસંગે પત્રકારોને સંબોધતા પરિવહનમંત્રી એ જણાવ્યું કે વરિષ્ઠ નાગરિક પ્રવાસીઓ માટે આ વૉલ્વો બસોમાં ખાસ સુવિધા મૂકવામાં આવી છે.

## (બાઇટ- હર્ષ સંઘવી)

આ નવી બસ સેવા અંતર્ગત અમદાવાદ સુરત માટે 8 બસો, અમદાવાદ વડોદરા માટે 8, અમદાવાદ રાજકોટ માટે 4 બસો ફાળવવામાં આવી છે. આ તમામ બસોમાં ફાયર સેફ્ટીને લઈને વિશેષ સુવિધાઓ મૂકવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . .

## PALANPUR RAILWAY OVER BRIDGE

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના હસ્તે રેલવે ઓવર બ્રીજનું લોકાર્પણ કરાયું હતું.

રાષ્ટ્રીય ધોરીમાર્ગ 58 અને  27ને જોડતો, 17 મીટરની ઉંચાઈ પર રોટરી વાળો આ દેશનો પ્રથમ અને આ પ્રકારનો ત્રીજો બ્રીજ છે. તે રાજ્યનો આ પ્રથમ પિલ્લર અને ત્રી માર્ગી બ્રીજ છે. જેને તૈયાર કરવા માટે 3600 મેટ્રિક ટન લોખંડ અને 16 હજાર મેટ્રિક ટન સિમેન્ટનો ઉપયોગ કરાયો છે.

લોકાર્પણ પ્રસંગે સંબોધન કરતા ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે બ્રીજને કારણે સ્થાનિક ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ આવશે.

(બાઇટ- શંકર ચૌધરી)

આ પ્રસંગે કેબિનેટ મંત્રી બળવંતસિહ રાજપૂત તેમજ ધારાસભ્ય અનિકેત ઠાકર સહિત અન્ય નેતાઓ અને અધિકારીઓ સહિત સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

-----

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## AHMEDABAD DRUGS _ Updated

અમદાવાદ ગુનાશાખાએ શહેરમાંથી એક કરોડ રૂપિયાથી વધુની કિંમતના માદક પદાર્થ સાથે 2 લોકોની ધરપકડ કરી હતી. જ્યારે ફરાર એક વ્યક્તિની શોધખોળ ચાલી રહી છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ કરણ પરમાર જણાવે છે કે, આ માદક પદાર્થ કાર મારફતે જયપુર-રતલામ રાજમાર્ગથી અમદાવાદમાં

લવાયું હતું. હાલમાં માદક પદાર્થ સાથે પકડાયેલા આવેલ આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આ મુદ્દે પત્રકારો સાથેની વાતચીતમાં અમદાવાદ પોલીસને અભિનંદન પાઠવ્યા હતા.

(બાઇટ – હર્ષ સંઘવી)

-------------------

## PAWAN -URJA UTPADAN-MULUBHAI BERA

પવન ઊર્જા ઉત્પાદનમાં ગુજરાત રાજ્યએ સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. ૧૨ હજાર ૧૩૨થી વધુ મેગા વૉટની ક્ષમતા સાથે અગ્રેસર રહી રાજ્યએ છેલ્લા ત્રણ વર્ષમાં પવન ઊર્જા ક્ષેત્રે સૌથી વધુ પવનચક્કી સ્થાપિત કરવાના ચાર એવાર્ડ મેળવ્યા છે

રાજ્યના જળ-વાયુ પરિવર્તન વિભાગના મંત્રી મુળુભાઈ બેરાના જણાવ્યા અનુસાર સમગ્ર દેશમાં ૩૧ જુલાઈની સ્થિતિએ ૪૭ હજાર પંચોતેર મેગા વોટની ક્ષમતા ધરાવતા વિન્ડ પાવર પ્રોજેક્ટો સ્થાપવામાં આવ્યા છે જેમાં દેશના કુલ ઉત્પાદનના આશરે ૨૫.૮ ટકા જેટલું વીજ ઉત્પાદન ગુજરાત રાજ્યએ કરતાં તે સમગ્ર દેશમાં અગ્રેસર બન્યું છે.

રાજ્યકક્ષાના જળ-વાયુ પરિવર્તન મંત્રી મુકેશ પટેલે વધુમાં જણાવ્યું કે છેલ્લા ૩ વર્ષમાં રાજ્યને સૌથી વધુ પવન ઊર્જા ક્ષમતા હાંસલ કરવા માટે વિવિધ ચાર એવાર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

---------

## AMBAJI MELO

પવિત્ર યાત્રાધામ અંબાજીમાં આજથી ભાદરવી પૂનમના મેળાનો આરંભ થયો છે. શક્તિ ભક્તિ અને આસ્થાના મીની કુંભ સમાન આ મહા મેળાને આજે જિલ્લા કલેક્ટર મિહિર પટેલે માતાજીના રથની શાસ્ત્રોક્ત રીતે પૂજા- અર્ચના કરીને ખુલ્લો મૂક્યો.

આગામી ૧૮ મી સપ્ટેમ્બર સુધી ચાલનારા આ મેળામાં માં આંબાના દર્શનાર્થે આવતાં લાખો ભક્તોને કલેકટરશ્રીએ આવકારતાં મા અંબા સહુ ભક્તોની મનોકામના પૂર્ણ કરે અને મેળો સુખરૂપ નિર્વિઘ્ને પૂર્ણ થાય એવી પ્રાર્થના કરી હતી.

મેળાના પ્રથમ દિવસે જ પદયાત્રીઓની સેવા માટે વિવિધ સેવા કેમ્પ ધમધમતા થયા છે ત્યારે આજે દાંતા ખાતે બનાસ ડેરી દ્વારા વિશેષ મેડિકલ કેમ્પનું વિધાનસભા અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

-----

## POSHAN MAAH 2024 UJAVNI - DISTRICT

સમગ્ર રાજ્યામા સપ્ટેમ્બર માસમાં ઉજવાઇ રહેલ પોષણ માહ-૨૦૨૪ અંતર્ગત તાપી જિલ્લામાં આજે ગણેશ ઉત્સવ દરમ્યાન વિવિધ પંડાલોમાં જઈ

આંગણવાડી કાર્યકરો દ્વારા THR ના લાભાર્થીઓને વિવિધ લાભોથી અવગત કરવામાં આવ્યા હતા.

તો બીજી તરફ મહેસાણા જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને પોષણ માસ અંતર્ગત બેઠક યોજાઇ.

પોરબંદરની 2 આંગણવાડી કેન્દ્રોમાં પોષણ માસની ઉજવણી અંતર્ગત કાર્યક્રમમાં લાભાર્થીઓને પોષણ કીટનું વિતરણ કરી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી અપાઇ હતી.

-----

# NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- તાલાલા ખાતે ત્રિ-દિવસીય ઇન્ડો-ઈઝરાયેલ મેંગો ક્લસ્ટર સેમિનાર યોજાયો, જેમાં તજજ્ઞોએ આંબાના વાવેતર અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું.
- રાજ્યકક્ષાનો ઇડરીયો ગઢ આરોહણ-અવરોહણ (જુનિયર) સ્પર્ધા ૨૦૨૪-૨૫ નવેમ્બર મહિનામાં યોજાશે.
- સચિવાલય તાલીમ કેન્દ્ર (સ્પીપા) ગાંધીનગરના ઉપક્રમે સચિવાલયના નવનિયુક્ત નાયબ સેક્શન અધિકારીઓની પૂર્વ સેવા તાલીમના ભાગરૂપે વિશિષ્ટ યોગ કાર્યક્રમનુ આયોજન કરાયું હતું.
- વલસાડના અબ્રામામાં જલારામ ઇન્ડસ્ટ્રીયલ પાર્કમા એક શ્રમિકની હત્યા, પોલીસે આરોપીને ઝડપી પાડ્યો.

-------------